FILE NO.FRC/PRO./2021-22/ RJT / RJT / 340 DT . 22/06/2022

ફી નિયમન સમિતિ

રાજકોટ ઝોન, રાજકોટ

24091501106

ધ રાજકુમાર કોલેજ,
શાસ્ત્રી મેદાન સામે,
રાજકોટ.
EMAIL:-principal@rkcrajkot.com

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE * RAJKOT ZONE * सत्यमेव जयते

## નિર્ણય

1. શાળાની ફી અંગેની દરખાસ્ત કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો - સંચાલક મંડળના પ્રતિનિધિ એ.ડી.પટેલ, સિવિલ એન્જિનિયર શ્રી વી.સી. પાઠક, શિક્ષણશાસ્ત્રી શ્રી એ.એ.સેતા તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી જી. બી.દેવળીયા સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ હુકમ જાહેર કરવાના સમયે સમિતિના હાજર રહેલા સભ્યશ્રીઓએ સહી કરેલ છે.
2. ધ રાજકુમાર કોલેઝ ટ્રસ્ટ-રાજકોટ સંચાલિત ધ રાજકુમાર કોલેઝ રાજકોટમાં પ્રિ-પ્રાયમરી થી ધોરણ 1-8,9-10 તથા ધોરણ 11-12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ અંગ્રેજી માધ્યમમાં ચલાવવામાં આવે છે.
3. શાળાએ વર્ષ 2021-22 થી 2023-24 ની ફી મંજુર કરવા હાલની દરખાસ્ત કરેલ છે.
4. શાળાએ રજુ કરેલ સૂચિત ફી નું માળખું નીચે મુજબ છે.

| **STD** | **MED** | **2020-21** | **2021-22** | **2022-23** |
|---|---|---|---|---|
| PRI-PRIMARY | ENG | 1,01,500 | 1,11,500 | 1,23,000 |
| 1-5 | ENG | 1,23,500 | 1,36,000 | 1,49,500 |
| 6-8 | ENG | 1,23,500 | 1,36,000 | 1,49,500 |
| 9-10 | ENG | 1,40,000 | 1,54,000 | 1,64,500 |
| 11-12(GEN) | ENG | 1,84,000 | 2,02,500 | 2,22,500 |
| 11-12(SCI) | ENG | 1,84,000 | 2,02,500 | 2,22,500 |

5. શાળાએ દરખાસ્ત સાથે શાળાને લગતી સામાન્ય માહિતી, વિદ્યાર્થી- શિક્ષકો- વર્ગો ની સંખ્યા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર નાણાકીય માહિતી વગેરે રજૂ કરેલ છે.

6. શાળાએ વર્ગ મંજુરીના હુકમો તથા વર્ષ , 2019-20 તથા 2020-21 ના ઓડિટ રિપોર્ટ રજુ કરેલ છે.ટ્રસ્ટનાં નોધણીનું પ્રમાણપત્ર રજૂ છે.

7. ઉપરોક્ત તમામ લેખિત આધારો વંચાણે લીધા.

8. સમગ્ર દેશમાં તાજેતરમાં ઉપસ્થિત થયેલ covid-19ની મહામારી ને કારણે તારીખ 16 -3 -20 થી રાજ્યની તમામ શાળાઓ ( સરકારી, ગ્રાન્ટ-ઇન-એ ઇડ, સ્વનિર્ભર ) બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે lockdown જાહેર કરવામાં આવ્યું હતું તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં આવી હતી. અને હાલની પરિસ્થિતિમાં પણ કેન્દ્ર સરકારના આ અંગેના નિર્દેશ મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાનો આદેશ કરવામાં આવેલ છે. અને આ પરિસ્થિતિ ધ્યાને લઇને અરજદાર શાળા ના સને 2019-20ના રજુ થયેલ હિસાબ અને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સને 2021 -22 માટેની ફી, ફી નિયમન સમિતિ નક્કી કરવાનું ઠરાવેલ છે કારણકે સને 2020-21 ના વર્ષ માટે રાજ્ય સરકારના તા.07/10/2020 ના ઠરાવ્યા મુજબ સને 2019-20 ના વર્ષની FRC દ્વારા મંજૂર ફી ના 75%રકમ ફી તરીકે લેવાનું ઠરાવ્યું છે. શાળા પૂરેપૂરા સમય ચાલી નથી. વિદ્યાર્થીઓની ફી ઓછી આવેલી છે તે જ પ્રમાણે શાળાને પણ ખર્ચનું પ્રમાણ ઓછું થયેલ છે તેથી વર્ષ 2019-20ના વર્ષના ઑડિટ આધારે ફી નક્કી કરવાનું ઠરાવ્યું ન્યાયી અને વ્યાજબી છે.અને શાળા સંચાલક તથા વિદ્યાર્થીઓના વાલીઓને નુકસાન પણ ન થાય તે હેતુથી અને 2019-20નું વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

9. વર્ષ 2019-20 2020-21 નાં ઓડિટ રિપોર્ટમાં નીચેની વિગતો નોંધનીય છે.

| **INCOME EXPENDITURE** | **2019-20 In lakh** | **2020-21 In lakh** |
|---|---|---|
| FEES INCOME | 3339.94 | 1906.69 |
| INTREST INCOME | 10.35 | 5.85 |
| OTHER SOURCES | 53.05 | 3.92 |
| TOTAL INCOME | 3403.34 | 1916.46 |
| SALARY EXP | 1985.11 | 1952.58 |
| BAD-DEBTS | 3.16 | 3.21 |
| DEPRECIATION | 241.76 | 222.46 |
| EDUCATIONAL EXP | 712.90 | 413.16 |
| TOTAL EXP | 2944.04 | 1916.47 |
| PROFIT/LOSS | +459.30 | 676.0 |

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE * RAJKOT ZONE * सत्यमेव जयते

10. શાળામાં વર્ષ 2019-20માં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકોની સંખ્યા,વર્ગની સંખ્યા નીચે મુજબ દર્શાવેલી છે.

| ધોરણ | વર્ગનીસંખ્યા | વિદ્યાર્થી સંખ્યા | | શિક્ષકોની તથા વહીવટી સ્ટાફ તેમજ અન્ય |
|---|---|---|---|---|
| | | 2019-20 | 2020-21 | |
| PRI-PRIMARY | 09 | 283 | 242 | 448 |
| 1-8 | 45 | 1234 | 1200 | |
| 9-10 | 12 | 358 | 361 | |
| 11-12(GEN) | 08 | 170 | 177 | |
| 11-12(SCI) | 04 | 36 | 43 | |

11. શાળા સંચાલક, ધ રાજકુમાર કોલેજ ટ્રસ્ટ, રાજકોટ, શાળા ઉપરાંત વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ પણ ચલાવે છે રજૂ થયેલ ઓડિટ રિપોર્ટ માં શાળા ઉપરાંત હોસ્ટેલ ને લગતા આવક તથા ખર્ચ પણ સામેલ થયેલ છે તેવી શાળાના સંચલાક શ્રી એ રજૂઆત કરેલ છે. સુનાવણી દરમ્યાન શાળાના ખર્ચ તેમજ હોસ્ટેલ આવક તથા ખર્ચ અલગ રજૂ કરેલ છે શાળામાં અનેક વિવિધ પ્રવૃત્તિઓ તથા તે સબંધિત સુવિધાઓ હોય સ્થળ પરીક્ષણ સમિતિના સભ્ય શ્રી એ. ડી.પટેલ તથા ઓફિસર ઓન ડ્યુટી શ્રી વી.જે બાબરીયા એ કરેલ છે. તેઓએ પરીક્ષણ રિપોર્ટ રજૂ કરેલ છે તે વંચાણે લીધા.

12. સદર સંસ્થા ૧૮ મી સદીથી, સ્થાપિત થયેલ છે સ્થળ તપાસ કરતા શાળામાં ક્રિકેટ સ્ટેડિયમ,જિમ્નેશિયમ, રાયફલ શૂટિંગ, ટેનિસ કોર્ટ ,દોડના ટ્રેક, બાસ્કેટ બોલ કોર્ટ, સ્વિમિંગ પૂલ, ઘોડે સવારી માટે મેદાન વગેરે અસ્તિત્વમાં છે.તેમજ ખુબ સારી રીતે નિભાવવામાં આવેલ હોવાનો તથા હેરિટેજ બિલ્ડિંગ જેમાં એસેમ્બલી હોલ સહિત તમામ સુવિધા ધરાવતો એક બાળકને એક બેંચ પર બેસીને અભ્યાસ કરી શકે તેવી સવલત વાળા વિશાળ ક્લાસ રૂમ તથા સ્ટાફ રૂમ,સ્ટાફ રેસીડેન્સી, એડમીન ડિપાર્ટમેન્ટ,વિવિધ મકાનો ની જાળવણી વગેરે ખુબ સારી રીતે થયેલ હોવાનો રિપોર્ટ રજૂ થયેલ છે વિદ્યાર્થીઓ ઇન્ટરનેશનલ કક્ષાએ પોતાને સ્થાપિત કરી શકે તેવો વિકાસ થાય તેવી શિક્ષણશૈલી તથા પ્રવૃત્તિઓ હોવાનો પણ સ્થળ નિરીક્ષણ કરનારા અધિકારીઓ રિપોર્ટ કરેલો છે.

13. ઓડિટ રિપોર્ટમાં દર્શાવેલ ખર્ચમાં હોસ્ટેલને લગતો ખર્ચ રૂ.૪૬૨.૮૨લાખ છે. વિદ્યાર્થીની શિક્ષણ ફી નિર્ધારિત કરવા માટે હોસ્ટેલ નો ખર્ચ બાદ કરી ને થયેલ ખર્ચ ધ્યાને લેવામાં આવેલ છે.

14. વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં શૈક્ષણિક/બિન શૈક્ષણિક સ્ટાફની લઘુલયકાત સ્ટાફ ને સ્થાને નિયત લાયકાતવાળો સ્ટાફ નિમવા સૂચન પણ કરવામાં આવે છે. તેમજ પગાર ખર્ચ મજરે મળવાપાત્ર છે. ઓડિટ રિપોર્ટ માં સ્કોલરશીપ રૂ.૨.૮૦ લાખ દર્શાવેલ છે. અમુક વિદ્યાર્થીઓને સ્કોલરશીપ લાભ આપી બાકીના વિદ્યાર્થીઓ પર તેનો આર્થિક બોજો ઉભો કરી શકાય નહિ. જેથી આ સંસ્થાએ ભોગવવો જોઈએ તે મજરે આપવપાત્ર નથી.ઘસારા પેટે રૂ.૨૪૧.૭૫ લાખ દર્શાવેલ છે.

જેમાં રૂ. ૧૮૧.૩૧ લાખ સ્કૂલ ને લગત જ્યારે ૬૦.૪૪ લાખ હોસ્ટેલ લગત છે. રૂ. ૧૮૧.૩૧ લાખ ઘસારા ખર્ચ દર્શાવતી યાદી રજૂ કરવામાં આવે છે. જેમાં બિલ્ડિંગ ફર્નિચર,કમ્પ્યુટર સિવાયની મિલકતો પર ૩૦%ઘસારો માંગેલ છે જે ૧૫%મળવાપાત્ર છે. પરંતુ હેરિટેજ પ્રકારની કઈક વિશેષ માવજત માંગીલે તે પ્રકારની મિલકત હોય શાળા સંચાલક શ્રી ની રજૂઆત ને ધ્યાને લઈ ૨૨% માન્ય રાખવામાં આવે છે. તે રીતે ફર્નિચર નો ઘસારો ૨૦%માંગેલ છે. તે ૧૫% માન્ય રાખવામાં આવે છે. જે કુલ મળીને રૂ. ૧૩૬.૩૭ લાખ માન્ય રાખવામાં આવે છે. આ ઉપરાંત બેડ ડેબટ્સ મજરે મળવાપાત્ર નથી. ટ્રસ્ટીઓની મિટિંગ ના ખર્ચ પેટે દર્શાવેલ રકમ અમાન્ય રાખવામાં આવે છે. લીગલ ખર્ચ પેટે રૂ.૨૫.૮૨ લાખ દર્શાવેલ છે. સ્વાભાવિક રીતે આ તમામ ખર્ચ વિદ્યાર્થીઓ ના લાભ સાથે સુસંગત નહોય તેમાંથી ૫૦%જેવી રકમ માન્ય રાખવામાં આવે છે. આ સિવાય તમામ ખર્ચ મજરે આપવમાં આવે છે.

15. અમાન્ય ખર્ચ નીચે મુજબ છે.

| **વિગત** | **કરેલ ખર્ચ** | **માન્ય ખર્ચ** | **અમાન્ય ખર્ચ** |
|---|---|---|---|
| સ્કોલરશીપ | 2.80 | - | 2.80 |
| ઘસારો | 181.31 | 136.37 | 44.94 |
| બેડ ડેબટ્સ | 3.16 | - | 3.16 |
| ટ્રસ્ટી મિટિંગ ખર્ચ | 8.00 | - | 8.00 |
| લીગલ ખર્ચ | 25.82 | 12.92 | 12.90 |
| **કુલ** | | | **71.80** |

16. શાળાને લગતી આવક રૂ. 2448.87 લાખ તથા ખર્ચ રૂ.2452.39 લાખ છે જ્યારે કુલ માન્ય ખર્ચ રૂ.2380.59 લાખ છે.શાળાને વર્ષ 2020-21 માં 35%જેવુ નુકશાન થયેલ છે. તેમજ બેલેન્સશીટ જોતાં કેટલીક આર્થિક જવાબદારીપણ જણાય છે.

17. કુલ માન્ય ખર્ચ આધારિત વિદ્યાર્થી દીઠ ખર્ચ, તેના બે વર્ષનો વ્યાજબી વધારો ,પર્યાપ્ત ફંડની જરૂરિયાત, શાળાને થયેલ નુકશાન વિગેરે ધ્યાને લેતા નીચે મુજબની ફી મંજુર કરવામાં આવે છે.

| **STD** | **MED** | **APPROVED BY FRC 2021-22** | **APPROVED BY FRC 2022-23** | **APPROVED BY FRC 2023-24** |
|---|---|---|---|---|
| PRI-PRIMARY | ENG | 1,05,050 | 1,12,400 | 1,20,250 |
| 1-8 | ENG | 1,28,150 | 1,37,100 | 1,46,600 |
| 9-10 | ENG | 1,45,100 | 1,55,250 | 1,66,150 |
| 11-12(GEN) | ENG | 1,90,750 | 2,04,100 | 2,18,400 |
| 11-12(SCI) | ENG | 1,90,750 | 2,04,100 | 2,18,400 |

18. આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે ધોરણ 11-12 વિજ્ઞાન પ્રવાહ માટે માત્ર બોર્ડના અભ્યાસક્રમની ફી નિર્ધારિત કરવામાં આવે છે.તેમાં JEE/NEET ની ફી નો સમાવેશ થયેલ નથી.

19. શાળાએ હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી લીધી છે તે સબબનુ એફિડેવિટ દિન 30માં લગત કચેરી મારફતે અત્રે રજુ કરવાનું રહેશે તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની વસૂલ, મળવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન - 30માં રજુ કરવાનું રહેશે.

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપાડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં વસૂલી ફી રિફંડ ખાતુ એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે..

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે

20. અત્રેની સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

21. અત્રેની ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરેલ ફી કરતા વધુ ફી શાળાએ મેળવેલ હોય તે વિદ્યાર્થી અથવા તેના વાલીને દિન 30માં પરત આપવાની અથવા સરભર કરવાની રહેશે.

22. શાળા એક સાથે માત્ર એક ત્રિમાસિક ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો સ્વનિર્ભર શાળાઓ ફી નિયમન અધિનિયમ 2017 ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

23. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે.

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

24. આ હુકમ થી જો તમે નારાજ હોય તો હુકમ મળ્યાના ના દિવસ 21 માં ફી રિવિઝન કમિટી,બ્લોક-1 વિંગ બી-1,છઠો માળ,કર્મયોગી ભવન સેક્ટર - 10 ગાંધીનગર ખાતે ફોર્મ નં 5 માં જરૂરી આધારો સાથે રૂ.10000 પ્રોસેસ ફી ભર્યાનું અસલ ચલણ જોડી રિવિઝન કરી શકાશે.

SD/-
અધ્યક્ષ
ફી નિયમન સમિતિ રાજકોટ ઝોન,રાજકોટ.
( નિવૃત જિલ્લા ન્યાયધીશ)

ખરી નકલ (હુકમથી)

(વી.જે.બાબરીયા)
ફરજ પરના અધિકારી
ફી નિયમન સમિતિ રાજકોટ ઝોન,રાજકોટ.

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE * RAJKOT ZONE *